જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૪/૨૦૧૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૭૧૮/૧૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૪૫૫ લીટર દેશી દારૂ, ૧૧ બોટલ ઇગ્લીશ દારૂ, ૦૧ સ્કુટર અને ૦૨ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૨,૬૧૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૧૯/૧૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

બળાત્કારની ફરીયાદ :- સમાચાર યાદી નં.૭૨૦/૧૫

સાબરમતી : સાબરમતી વિસ્તારમાં રહેતી ૨૮ વર્ષની પરણીતાએ તા.૧૨/૪/૧૫ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પોતે સાબરમતી વિસ્તારમાં આવેલ દવાખાનામાં નોકરી કરતી હતી દરમ્યાન છેલ્લા ત્રણ માસથી તા.૧૨/૪/૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી મનોજભાઇ ગોવીંદભાઇ પરમાર (રહે.ઇન્દીરાનગર, સાબરમતી) એ પરણીતાને તેનાં પતિને જાનથી મારી નાંખવાની ધમકી આપી, સાંજનાં સમયે દવાખાનામાં આવી અવાર-નવાર પરણીતાની મરજી વિરૂધ્ધ બળજબરીથી શરીર સબંધ બાંધ્યો હતો.આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એલ.એસ.ચૌધરી ચલાવે છે.

અપહરણઃ- સમાચાર યાદી નં.૭૨૧/૧૫

અમરાઇવાડી : સવિતાબહેન નરેન્દ્રભાઇ પરમાર (રહે.આંબાવાડીનાં છાપરાં, સતાધાર રોડ, અમરાઇવાડી) એ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૪/૧૫ બપોરનાં ૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્ર કિરણ ઉર્ફે શૈલેષ (ઉ.વ.૧૬) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.વી.રાજગોર ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>વાહનચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૭૨૨/૧૫</u>**

રાણીપ : અનવરઅલી હૈદરઅલી સૈયદ (ઉ.વ.૪૨)(રહે.ગફુર બસ્તી, ખાનવાળી રામોલ રોડ) એ તા.૯/૪/૧૫ સવારના ૧૦/૦૦ વાગે સુભાષબ્રીજ આર.ટી.ઓ.કચેરીનાં પાર્કિંગમાં પોતાની ઓટો રિક્ષા નંબર જીજે.૦૧.સી.ઝેડ.૩૨૭૦ કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી એક કલાકમાં થઇ હતી. આ અંગેની ફરીયાદ અનવરઅલી સૈયદે તા.૧૨/૪/૧૫ નારોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મુકેશસિંહ જીવણજી ચલાવે છે.

દાઝી જતાં મૃત્યુઃ- સમાચાર યાદી નં.૭૨૩/૧૫

મેઘાણીનગર : કાજલબહેન અમીતભાઇ પટણી (ઉ.વ.૧૯)(રહે.બ્રાહ્મણવાસ, કલાપીનગર, મેઘાણીનગર) તા.૦૭/૪/૧૫ નાં કલાક ૧૦/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે પ્રાયમસ ઉપર રસોઇ બનાવતાં હતા દરમ્યાન પ્રાયમસમાં ભડકો થતાં, શરીરે ગંભીર રીતે દાઝી ગયા હતા. સારવાર અર્થે તેમને રાજસ્થાન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૪/૧૫ સવારનાં ૧૧/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી “જી” ડીવીઝન ચલાવે છે.

<u>કરંટ લાગતાં મૃત્યુઃ-</u> <u>સમાચાર યાદી નં.૭૨૪/૧૫</u>

દાણીલીમડા : હિતેન્દ્ર ઉર્ફે હિતેષ બળદેવભાઇ સોલંકી(ઉ.વ.૨૭)(રહે.શીવશક્તિ સોસાયટી, વસંધરા કોલોની પાસે, દાણીલીમડા) તા.૧૨/૪/૧૫ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે દાણીલીમડા, છીપા સોસાયટી સામે આવેલ ફુટપાથ પરથી વરસાદી પાણીમાં ચાલતાં પસાર થઇ રહ્યા હતા દરમ્યાન ઇલેક્ટ્રીક કરંટ લાગતા સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતનાં ૯/૪૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ.આ ગુનાની તપાસ હે.કો.શ્રી રાવજીભાઇ ભીમાજી ચલાવે છે

<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u> <u>સમાચાર યાદી નં.૭૨૫/૧૫</u>

નરોડા : સુરેશભાઇ નન્નુભાઇ ચોડવડીયા (રહે.કૃષ્ણધામ સોસાયટી, વેણુગોપાલ સામે, નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૪/૧૫ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના પિતા નન્નુભાઇ ચોડવડીયા (ઉ.વ.૬૫) ગોપાલચોકથી કૃષ્ણધામ તરફ ચાલતાં પસાર થઈ રહ્યા હતા ત્યારે ક્રેન ગાડી નંબર જીજે.૦૧.એફ.ક્યુ.૭૮૩૦ ના ચાલકે ક્રેન ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી નન્નુભાઇને ટક્કર મારતાં, નન્નુભાઇને શરીરે ગંભીર ઇજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એ.રાઠોડ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)